(71 & A-26) **Seat No.:________** **No. of Printed Pages : 2**

# SARDAR PATEL UNIVERSITY

## M.A. EXAMINATION SEMESTER : 3

## PAPER CODE :PA03CGUJ07

## LINGUISTICS: ભાષાવિજ્ઞાન

Friday date : **21-10-2016** **time: 2-00 p.m. to 5-00 p.m.**

---

Total marks :70

પ્રશ્ન:૧. વસ્તુલક્ષી પ્રશ્નોના ઉત્તર આપો. ( ગુણ :૧૦)

૧.નીચેનામાંથી સંકેતીનો પ્રકાર કયો નથી?

અ) મૂર્તિપરક બ) વર્ણનાત્મક ક) કાર્યકારણ ડ)પ્રતીકાત્મક

૨.નીચેનામાંથી કઇ બોલી ગુજરાતી નથી?

અ) પટણી બ) હાલારી ક) વાગડી ડ) કચ્છી

3.યોગ્ય યુગ્મ રચો.

| | |
|---|---|
| a) અઘોષ,મહાપ્રાણ | 1) ૨ |
| b) ઘોષ ,અલ્પપ્રાણ | 2) ષ |
| c) મૂર્ધન્ય સંઘર્ષી | 3) ફ |
| d) પ્રકંપી | 4) જ |

અ) a-1, b -2, c -3, d-4 બ) a-2, b -3, c -4, d-1

ક) a-3, b -4, c -2, d-1 ડ) a-2, b -1, c -4, d-3

૪.વિવૃત 'એ', 'ઓ'નું ઉચ્ચારણ કઈ બોલીમાં નથી?

અ) ચરોતરી બ) પટ્ટણી ક) સૂરતી ડ) સૌરાષ્ટ્રી

૫.જોડકાં રચો.

| | |
|---|---|
| a) સંબોધન | 1) ન |
| b) સંગ | 2) મ |
| c) સંચો | 3) ણ |
| d) સંતાન | 4) ઙ |
| e) સાંઢ | 5) ઞ |

અ) a-1, b -2, c -3, d-4 ,e-5 બ) a-2, b -3, c -4, d-1 ,e-5

ક) a-3, b -4, c -2, d-1 ,e-5 ડ) a-2, b -4, c -5, d-1,e-3

૬. નીચેનામાંથી કઈ પધ્ધતિ ભાષાના અધ્યયનની નથી?

અ) ઐતિહાસિક બ) આકૃતિગત ક)વર્ણનાત્મક ડ) તુલનાત્મક

૭. અરબી ભાષા કયા ભાષાકુળની છે?

અ) આર્ય બ) દ્રવિડી ક) ચીની તિબેટી ડ) સેમેટિક-હેમેટિક

(P.T.O.)

૮ નીચેનાં વિધાનોની યથાર્થતા ચકાસો.

વિધાન:૧ ભાર ,જંકચર ,સૂર ભાષાના સહ્વર્તી ધર્મો છે.

વિધાન:૨ બધાં જ ધ્વનિઓ ધ્વનિઘટકોનો દરજ્જો ધરાવે છે.

અ) બન્ને વિધાન સાચાં છે. બ) બન્ને વિધાન ખોટાં છે

ક ) વિધાન:૧સાચું,વિધાન :૨ ખોટું ડ) વિધાન: ૧ ખોટું ,વિધાન : ૨ સાચું

૯.ભારતીય-યુરોપીયની દસ શાખામાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી?

અ) હિટાઈટ બ) ચીની ક) તોખારિયન ડ) જર્મેનિક

૧૦.પ્રશિષ્ટ સંસ્કૃત ભાષા કયા સમયગાળાની છે.?

અ) ઈ.સ. પૂર્વે ૧૨૦૦ - ૮૦૦ બ) ઈ.સ.પૂર્વે ૮૦૦-૪૦૦

ક) ઇ.સ. ૧૦૦-૪૦૦ ડ) ઇ.સ.૪૦૦-૮૦૦

પ્રશ્ન :૨ ભાષાની વિભાવના સ્પષ્ટ કરી,માનવભાષાના વર્ગીકરણની પદ્ધતિઓ જણાવો. (ગુણ :૧૫)

અથવા

બન્ને વિશે લખો.

૧) ભાષાના સંકેતો અને તેનું કાર્ય

૨) ભાષાઅધ્યયનની પદ્ધતિઓ

પ્રશ્ન :૩ ઉચ્ચારણપ્રક્રિયાનો પરિચય કરાવી, ગુજરાતી ભાષાના ધ્વનિઘટકોનું વર્ગીકરણ કરો.

(ગુણ :૧૫)

અથવા

૧) ગુજરાતી ભાષાના વ્યંજનો

૨) ગુજરાતી ભાષાના સ્વરો-અનુનાસિકો

પ્રશ્ન :૪ લાંગ અને પરોલ વચ્ચેનો તફાવત જણાવી ગુજરાતની કોઈ એક બોલીનો પરિચય કરાવો.

(ગુણ:૧૫)

અથવા

ટૂંક નોંધ લખો.

અ.ભાષાના સ્વરૂપભેદો

બ.ભાષા અને બોલી

પ્રશ્ન : ૫ ગુજરાતી ભાષાનો ઉદ્દભવ-વિકાસ તેનાં ધ્વનિ ,વ્યાકરણ અને શબ્દભંડોળમાં આવેલાં પરિવર્તનો સહિત જણાવો.

(ગુણ : ૧૫)

અથવા

ટૂંક નોંધ લખો. (બન્ને)

અ) પ્રાચીન ભારતીય આર્યભાષા

બ) ભારતનાં ભાષાકુળો

— x —